**Career Counselling & Development Centre**
**Saurashtra University, Rajkot**
104, 1st Floor, Academic Centre,
B/h, Central Bank of India
Saurashtra University Campus, Rajkot-360 005
Ph. : 0281-2587144, ccdcsauuni@yahoo.co.in

CCDC

Re-Accredited
Grade A by NAAC

Dr. N.A. SHAH
Co-Ordinator

Ref.:
Date: 16/11/2015

# પ્રેસનોટ

## કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર (CCDC) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા 'સીનીયર કલાર્ક' ની ૧૫૨ જગ્યા માટેની પરીક્ષાનાં તાલીમ વર્ગો ૧ ડિસેમ્બર થી શરૂ કરાશે.....

---

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર (CCDC) રોજગાર લક્ષી તાલીમ માં નિષ્ણાંતો દ્વારા સફળતાલક્ષી માર્ગદર્શન આપવામાં આવે છે. તાજેતરમાં સચિવાલય વિભાગોના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓ ખાતેની સીનીયર કલાર્ક વર્ગ–૩ ના કોચિંગ વર્ગો ૧ ડિસેમ્બર થી શરૂ થશે.

તાજેતરમાં ટેટ–૨, આર.આર.બી., જી.પી.એસ.સી. (મેઈન્સ) તથા સ્ટાફ સિલેકશન જગ્યાઓ માટેના તાલીમ વર્ગનું આયોજન સી.સી.ડી.સી. દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવેલ હતું. આ તાલીમ વર્ગમાં સામાન્ય જ્ઞાન (ગુજરાતનો ઈતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, કોમ્પ્યુટર ને લગતું સામાન્ય જ્ઞાન, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ), ગુજરાતી વ્યાકરણ, ગુજરાતી સાહિત્ય, અંગ્રેજી વ્યાકરણ અને ગાણિતિક તથા તાર્કિક કસોટીઓ વગેરેનું સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવશે.

આ તાલીમ વર્ગોમાં જોડાવા ઇચ્છતા વિદ્યાર્થીઓ તા.૩૦-૧૧-૨૦૧૫ સુધીમાં અરજીપત્રક મેળવી અને ટોકન ફી સાથે જમા કરાવવાનું રહેશે. આ વર્ગો અંગે ની વધુ માહિતી માટે કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર (CCDC) ૧૦૪, એકેડેમીક સેન્ટર, પહેલો માળ, સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ પર સંપર્ક કરવા યાદી માં જણાવાયેલ છે.

પ્રતિ,
તંત્રીશ્રી ,
ઉપરોકત માહિતી વિદ્યાર્થીઓના લાભાર્થે આપના પ્રસિધ્ધ દૈનિકમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.
આભાર સહ,

for. [signature]
Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)